અપીલ અરજી નં.૨૪૬, તા.૧૦–૧૧ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી
એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
ઈ.ચા. ડે.કમિ. (હે અનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૦૬–૧૦–૧૦ ની અરજીથી અગાઉ કરેલ પાંચ જેટલી અરજીઓ અંગે થયેલ કાર્યવાહીની સંપુર્ણ માહિતી તેમજ કોઈ કાર્યવાહી ન થઈ હોય તો તેના સજજડ કારણો તથા બે–જવાબદાર,લાપરવાહ અધિકારીઓના નામ સહિતની માહિતી (૧) ડી.સી. ગાંધી, કા.પા.ઈ. , સા.ઝોન, ઉધના સુરત. તા.૧૬–૮–૧૦ (૨) કમિશ્નરશ્રી, સુ.મ.ન.પાલિકા, સુરત. તા.૩૧–૮–૧૦
(૩) આરોગ્ય અધિકારીશ્રી, સુ.મ.ન.પાલિકા, સુરત તા.૩૧–૮–૧૦
(૪) એડી.સીટી ઈજનેરશ્રી, સુ.મ.ન.પાલિકા, સુરત તા.૨૪–૯–૧૦
(૫) ડે.કમિશ્નરશ્રી, પ્લાનીંગ એન્ડ ડેવલપમેન્ટ સુ.મ.ન.પાલિકા, સુરત તા.૮–૯–૧૦
માંગેલ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૦–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૪૬/૨૦૧૦–૧૧

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૦૬–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૧૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા સાથે અપીલના મુદ્દા અંગે આપનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૬૫ તા.૨૨–૧૧–૧૦ થી ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી, એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા ઈ.ચા. ડે.કમિ. (હે અનેહો) અને આરોગ્ય અધિકારી તથા અરજદારને અપીલ અરજીમાં અરજીની તબદીલી તેમની જાણ હેઠળ થયેલ હોય તો તેની વિગત જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૩૯૮૭ તા.૯–૧૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મુદ્દા નં.૧ અને ૫ ની વિગતો પૂરી પાડેલ છે. જેમાં નોંધ વિભાગ તથા ટીડીઓ નં.૩૭૬૩ તા.૨૫–૧૧–૧૦ થી મુદ્દા નં.૫ ની માહિતી આપવામાં આવેલ છે તથા મુદ્દાનં.૧ અંગે અરજદારને તબદીલી અંગેના પત્ર નં.સા.ઝોન/ઉધના/આ.ન.૩૮૪ તા.૨–૮–૧૦ ના પત્રની નકલ, પૂરી પાડવામાં આવેલ છે. આમ અરજદારે મુદ્દા નં.૧ અને ૫ ની માહિતી આપેલ છે. વધુમાં પૂરક વિગતોમાં અરજદારે તેમના તા.૬–૧૨–૧૦ ના પત્રથી પણ મુદ્દા નં.૧ અમોને કોઈ ફરીયાદ નથી તેવું જણાવેલ છે. તેવો અરજદારનો તા.૬–૧૨–૧૦ નો પત્ર અત્રે મળેલ છે. જયારે અન્ય જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૩૪૬ તા.૨૩–૧૨–૧૦ થી મળેલ છે. સંલગ્ન અરજી લીંબાયતઝોનના કાર્યક્ષેત્રને લગતી બાબત ન હોય પૂરક માહિતી કે નકલ આપવા જોગ ન હોવાનું જણાવેલ છે.

અરજદારની તા.૬–૧૦–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની જુદા જુદા અધિકારીઓને જે તે તારીખે કરેલી અરજીઓ અંગે થયેલ કાર્યવાહીની માહિતી માંગેલ છે. જેમાં અરજદારે મુદ્દા નં.૧ ની અરજી બાબતે સેન્શસની કામગીરીમાં વ્યસ્ત હોવાના કારણે અરજી તબદીલી લેટ સ્વીકારેલ હોઈ મુદ્દા નં.૧ ની અરજી બાબતે તા.૬–૧૨–૧૦ ના પત્રથી પૂરક વિગતોમાં તેઓને કોઈ ફરીયાદ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૨ અને ૩ ની સંયુકત તા.૩૧–૮–૧૦ ની કમિ. અને આરોગ્ય અધિકારીને કરેલી અરજી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી થયેલી કાર્યવાહીની માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. મુદ્દા નં.૪ એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને તા.૨૪–૯–૧૦ ની અરજી બાબતે જાહેર માહિતી અધિકારીએ તા.૬–૧૦–૧૦ ની આઈ ડી નં.૪૦ અંગે સા.ઝોન/ટેક./૩૩૧ તા.૫–૭–૧૦ થી અરજદારને આપેલ માહિતી અંગે અરજદારે સ્પષ્ટતા માંગેલ છે. જે અંગે અરજદારે આપેલી માહિતી અંગે જો નારાજગી હોય તો આરટીઆઈ એકટની કલમ–૧૯(૧) મુજબ માહિતી મળ્યે થી દિન–૩૦ ની અવધિમાં પ્રથમ અપીલ કરવાની રહે છે જેમાં અરજદારે તેમ ન કરતાં સાદી અરજીમાં જાહેર માહિતી અધિકારીને અરજી કરેલ છે. સાથે ધારણા આધારિત શંકા કરી તપાસ માટે રજૂઆત કરેલ છે. જાહેર મીહતી અધિકારી ઉધનાઝોન કક્ષાએથી તેનો પ્રત્યુત્તર કે માહિતી અપાયેલ જણાતી નથી. જયારે મુદ્દા ન. ૫ ની માહિતી જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી અપીલ તબકકે પત્ર નં.ટીડીઓ/૩૭૬૩ તા.૨૫–૧૧–૧૦ થી પૂરી પડાયેલ છે. આમ અરજદારને મુદ્દા નં.૨ અને ૩ ની અરજી બાબતે જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી કોઈ વિગતો પૂરી પડાયેલ જણાતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૬–૧૦–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી ડે.કમિ. (હે અનેહો) તરફથી અપીલના મુદ્દા નં.ર અને ૩  ની નહીં પૂરી પડાયેલી તથા જાહેર માહિતી અધિકારી ઉધના તરફથી અરજદારની મુદ્દા નં.૩ ની તારીખ હેઠળની  અરજી અંગે કોઈ માહિતી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં  અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા અનુક્રમે ઈ.ચા. ડે.કમિ.(હે અને હો) અને આરોગ્ય અધિકારી  અને જાહેર માહિતી  અધિકારી તથા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને  જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :      –૧૨–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી, એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન),  ઈ.ચા. ડે.કમિ. (હે અનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી ...જાણ તથા અમલ માટે .

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,